# પેટ્રોલમાં ૧.૫૦નો ભાવવધારો



નવી દિલ્હી,તા. ૧૫

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો પર આજે વધુ એક બોજ ઝીંકી દેવામાં આવ્યો હતો. ધારણા પ્રમાણે જ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ક્રમશઃ લીટરદીઠ રૂપિયા ૧.૫૦ અને ૪૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આ ભાવ વધારો આજે મોડી રાતથી અમલી બનાવી દેવામાં આવ્યો છે.

તાત્કાલિક ધોરણે ભાવ વધારાને અમલી બનાવવામાં આવ્યા બાદ સામાન્ય લોકોમાં નારાજગીનું મોજુ પણ ફરી વળ્યુ છે. દરેક ક્ષેત્રે મોંઘવારી આસમાને પહોંચી છે ત્યારે ભાવ વધારો બેકાબૂ બનેલો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આજે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૧.૫૦નો વધારો કર્યો હતો જ્યારે ડિઝલની કિમતમાં ૪૫ પૈસાનો વધારો કર્યો હતો. આ વધારામાં સ્થાનિક સેલ્સ ટેક્સ અથવા વેટનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ડ્યુટીને સામેલ કરવામાં આવ્યા બાદ આ ભાવ વધારો વધુ હોઈ શકે છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ રૂપિયા ૧.૮૦ વધશે. ૧૯ ટકાના વેટને ધ્યાનમાં લીધા બાદ આ કિંમત ૧.૮૦ સુધી વધશે. જ્યારે ડિઝલની કિંમતમાં વેટનો રેટ લાગુ પડ્યા બાદ ૫૧ પૈસા વધશે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ભાવ વધારો કરવામાં આવ્યા બાદ હવે ૬૯.૦૫ પ્રતિ લિટર થશે જ્યારે ડિઝલની કિંમત લીટરદીઠ ૪૮.૧૬ રૂપિયા થશે. ઓઈલ કંપનીઓને ડિઝલ પર હાલ લીટરદીઠ ૯.૨૨ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે જ્યારે કેરોસીન પર ૩૧.૬૦નું નુકશાન થઈ રહ્યુ છે. આવી જ રીતે એલપીજી સિલિન્ડરો પર ૪૮૧.૦૩નું નુકશાન થઈ રહ્યુ છે. છેલ્લે પેટ્રોલની કિંમતમાં ૧૮મી જાન્યુઆરીના દિવસે સુધારો કરવામાં આવ્યો હતો તે વખતે કિંમતમાં દિલ્હીમાં લીટરદીઠ ૩૦ પૈસાનો ઘટાડો થયો હતો. ડિઝલની કિંમતોમાં વધારો કરવા ઓઈલ કંપનીઓને આંશિકરીતે સ્વતંત્રતા આપવા સરકારે નિર્ણય કર્યા બાદ આ ભાવ વધારો અમલી બનાવાયો છે. ફ્યુઅલ ઉપર થઈ રહેલા તમામ નુકશાનને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી ભાવ વધારો કરવાની મંજુરી ઓઈલ કંપનીઓને અપાઈ છે. ઓઈલ કંપનીઓએ એ દિવસે ડિઝલની કિંમતમાં ૫૦ પૈસાનો વધારો કર્યો હતો.

## વિરપ્પનના ૪ સાથીની ફાંસીની તારીખ સોમવારે જ નક્કી થશે

મૈસુર,તા. ૧૫

મૈસુરની અદાલત કુખ્યાત ચંદનચોર વિરપ્પનના ચાર સાગરિતોને ફાંસી ક્યારે આપવી તે અંગેની તારીખ અંગે નિર્ણય કરશે. વર્ષ ૧૯૯૩ના પાલાર બ્લાસ્ટ કેસમાં અપરાધી જાહેર થયેલા ચારને ફાંસી આપવાના મામલે હવે તારીખ નક્કી કરવામાં આવનાર છે. બુધવારના દિવસે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ વિરપ્પનના ચાર સાગરિતોની મૃત્યુદંડની સજાના મામલે કોઈ પણ દયા દાખવવાનો ઈન્કાર કર્યો હતો અને તેમની દયાની અરજીઓને ફગાવી દેવામાં આવી હતી. નવમી એપ્રિલ ૧૯૯૩ના દિવસે તમિળનાડુ સરહદ નજીક કર્ણાટકમાં પાલાર ખાતે સુરંગ બ્લાસ્ટ કરીને પાંચ પોલીસ, ૧૫ પોલીસના ઈન્ફોર્મર અને બે વન્ય રક્ષકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ મામલામાં સુપ્રીમ કોર્ટે જ્ઞાનપ્રકાશ, સીમોન, મિસાઈકારા અને બિલાવેન્દ્રની દયાની અરજીને ફગાવી દીધી હતી.

દરમિયાન પરિવારના સભ્યોએ પણ આ મામલામાં નારાજગી વ્યક્ત કરી છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા તેમની દયાની અરજી ફગાવી દેવામાં આવી હતી. શહેર સ્થિત એડવોકેટ વેણુગોપાલ મૈસુરની ડાટા કોર્ટમાં ચાર અપરાધીઓ પૈકીના બેનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેઓ હાઈકોર્ટમાં આગળ વધવાના યોજના ધરાવે છે. એડવોકેટે મિસાઈકારાને મદદ કરવાની તૈયારી બતાવી છે. જે હાલમાં હિન્ડાલ્ગા જેલમાં રહેલા છે. દયાની અરજી ફગાવી દેવાનો પ્રશ્ન હજુ સપાટી પર આવેલો છે. ચાર અપરાધીઓને શરૂઆતમાં આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી.

## ૨૬ કરવામાં આવેલા લાઈસન્સવાળી કંપનીઓએ ઓપરેશન બંધ કરવું પડશે : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૧૫

સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સાફ શબ્દોમાં જણાવ્યુ હતુ કે જે ટુજી મોબાઈલ સેવા કંપનીઓના લાઈસન્સ રદ કરવામાં આવ્યા બાદ નવા ટુજી સ્પેક્ટ્રમની હરાજીમાં ભાગ લીધો ન હતો તે મોબાઈલ કંપનીઓને પોતાના ઓપરેશન હવે બંધ કરવાની ફરજ પડશે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને અતિ મહત્વપૂર્ણ અને દૂરગામી ગણવામાં આવે છે. સુપ્રમે ઠેરવ્યુ હતુ કે ટુજી સ્પેક્ટ્રમ મેળવવામાં નિષ્ફળ રહેલી કંપનીઓને હવે ઓપરેશન બંધ કરવાની ફરજ પડી શકે છે. કોર્ટે એમ પણ કહ્યુ છે કે જે કંપનીઓએ ગઈ ૧૨મી નવેમ્બર અને ૧૪મી નવેમ્બરના દિવસે હરાજીમાં સ્પેક્ટ્રમ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. તે કંપનીઓને પોતાના સર્કલમાં સેવા પુનઃ તાત્કાલિક ધોરણે શરૂ કરવા માટે કહેવામાં આવશે. જ્યારે લાઈસન્સ રદ થઈ ગયા બાદ જે કંપનીઓએ નવેસરથી હરાજીમાં ભાગ લીધો ન હતો તે કંપનીઓને ઓપરેશનમાંથી ખસી જવા સૂચના આપવામાં આવી છે. જસ્ટિસ જીએસ સિંઘવી અને કે રાધાકૃષ્ણનની બનેલી બેંચે આદેશ કર્યો હતો કે બીજી ફેબ્રુઆરી ૨૦૧૨ના ચુકાદા બાદ તેમના લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા બાદ હરાજીમાં ભાગ લીધો હતો તે કંપનીઓ ઓપરેશન ચાલુ રાખી શકશે. બેંચે કહ્યુ છે કે બીજી ફેબ્રુઆરી ૨૦૧૨નો આદેશ એવી દૂરસંચાર કંપનીઓ પર લાગુ થશે નહીં જેમની પાસે ૯૦૦ મેગા હર્ડ્ઝ બેન્ડમાં સ્પેક્ટ્રમ છે. કોર્ટે ઠેરવ્યુ હતુકે જે દૂરસંચાર કંપનીઓ હરાજીમાં નિષ્ફળ ગઈ છે અને લાઈસન્સ રદ થયા બાદ નવા સ્પેક્ટ્રમની હરાજીમાં સામેલ થઈ નથી તેમને ઓપરેશન બંધ કરવામાં આદેશ આપવામાં આવ્યા છે. બેંચે કહ્યુ છે કે હરાજીમાં નિષ્ફળ રહેલી અને ટુજી સ્પેક્ટ્રમ હરાજીમાં ભાગ ન લેનાર કંપનીઓને ઓપરેશન જારી રાખવા માટે મંજુરી લેવી પડશે. જસ્ટિસ જીએસ સિંઘવી અને જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણનની બેંચે કહ્યુ હતુ કે બીજી ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે લાઈસન્સ રદ કરવાના આદેશ બાદ એક નિશ્ચિત સમયગાળા માટે જે દૂરસંચાર કંપનીઓને મંજુરી આપવામાં આવી હતી તે કંપનીઓને નવેમ્બર ૨૦૧૨માં થયેલી હરાજીમાં મંજુર કરવામાં આવેલી રકમની દષ્ટિએ રકમ ચુકવવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે લાઈસન્સ રદ કરવાના ચુકાદા બાદ પોતાના વચગાળાના આદેશોથી આ કંપનીઓના ઓપરેશનને જારી રાખવાની સમયમર્યાદા વધારી હતી. કોર્ટે એમ પણ કહ્યુ છે કે હરાજી એ તમામ લાઈસન્સ માટે કરવામાં આવનાર છે જેના માટે ૧૦મી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે એક પત્ર જારી કરવામાં આવ્યો હતો.

## ખાંડના ભાવને ટૂંકમાં જ અંકુશમુક્ત કરી દેવાશે

નવી દિલ્હી,તા. ૧૫

ખાદ્યાન પ્રધાન કેવી થોમસે આજે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર ખાંડની કિંમતને અંકુશમુક્ત કરવાની દિશામાં આગળ વધી રહી છે. આગામી ૧૫ દિવસમાં આ સંબંધમાં અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. ખાંડની કિંમતને આંકુશમુક્ત કરવામાં આવ્યા બાદ ખાંડ વધુ મોંઘી બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ સી રંગરાજનના નેતૃત્વમાં સમિતિએ બે મહત્વપૂર્ણ નિયંત્રણોને તાત્કાલિક ધોરણે સમાપ્ત કરી લેવાની ભલામણ કરી હતી. આ બંને મહત્વપૂર્ણ નિયંત્રણો ખાંડ સાથે સંબંધિત હતા. થોમસે એસોચેમ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યુ હતુ કે આ વર્ષે ખાંડની સ્થિતિ ખૂબ સારી રહી છે. ખાંડ ઉદ્યોગનું કદ ૮૦૦૦૦ કરોડની આસપાસનું છે. ખાંડની કિંમતને અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદ સ્થિતિમાં સુધારો થવાના સંકેત ઓછા દેખાઈ રહ્યા છે. લોકોને ખાંડ વધુ મોંઘી પડશે. થોમસે એમ પણ કહ્યુ છે કે આગામી ૧૫ દિવસમાં અંકુશમુક્ત કરવા અંગે નિર્ણય લેવાયા બાદ વધુ ગણતરી કરવામાં આવશે. મંત્રીએ ખાતરી આપી હતી કે રંગરાજન સમિતિની ભલામણો અન્ય સમિતિઓની ભલામણની જેમ ગંભીરપ્રકારની તકલીફનો સામનો કરશે નહીં.

## કુંભ મેળામાં ભીષણ આગ લાગતા એક શ્રદ્ધાળુનુ મોત

અલ્હાબાદ,તા. ૧૫

અલ્હાબાદ રેલવે સ્ટેશન ખાતે ભાગદોડના બનાવના એક સપ્તાહ બાદ આજે અલ્હાબાદમાં હાલ ચાલી રહેલા મહાકુંભ મેળા દરમિયાન ભીષણ આગ ફાટી નિકળતા એકનુ મોત થયું છે. આ બનાવમાં અનેક લોકો દાજી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. દાજી ગયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર આગના બનાવમાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. મળેલી માહિતી મુજબ આજે વહેલી સવારે શાહી સ્નાનની શરૂઆત થાય તે પહેલા આ આગનો બનાવ બન્યો હતો. આગને હવે કાબુમાં લેવામાં આવી ચુકી છે. આગ ઝડપથી સેંકડો કામચલાઉ ટેન્ટ સુધી ફેલાઈ ગઈ હતી. જેથી આગમાં ટેન્ટ નાશ પામ્યા છે. આગ માટેનુ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. એક કેમ્પની અંદર ભોજન બનાવતી વેળા આગ ફાટી નિકળી હતી. આજે મહાકુંભ મેળામાં ત્રીજા અને અંતિમ શાહી સ્નાનને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવને રોકવા માટે તંત્રે પગલા લીધા હતા. અલ્હાબાદ ખાતે વિશેષ સાવચેતી હોવા છતાં પગલા લેવામાં આવી રહ્યા છે.લોકોની સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦મી ફેબ્રુઆરીના દિવસે અલ્હાબાદ રેલવે સ્ટેશન ખાતે ભાગદોડ મચી જતા ઓછામાં ઓછા ૩૬ લોકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. આ બનાવ બાદ કેન્દ્ર અને રાજ્ય



સરકાર વચ્ચે આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર શરૂ થયો હતો. ૧૦મી ફેબ્રુઆરી જેવા બનાવને રોકવા માટે તંત્રે પગલા લીધા છે. આગના બનાવથી તંત્રની પુરતી તૈયારીઓના દાવા ખોટા સાબિત થઈ રહ્યા છે. આગની ઘટનામાં કોઈ મોટુ નુકસાન થયું નથી. રેલવે સ્ટેશન ખાતે થયેલી અગાઉની ઘટના અંગે કેન્દ્ર સરકારે કહ્યુ હતું કે ઉત્તરપ્રદેશ સરકારે સાવચેતીના પગલા લીધા ન હતા.

## દયાની અરજીઓનો નિકાલ લાવવા પ્રણવને વધુ સાત અરજી મોકલવામાં આવી

નવી દિલ્હી,તા. ૧૫

અપરાધીઓની દયાની અરજીઓનો વહેલી તકે નિકાલ લાવવાના હેતુથી હવે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને વધુ સાત અરજી અંતિમ નિર્ણય માટે મોકલવામાં આવી છે.સાત કેસ પૈકી પાંચ કેસમાં પ્રણવ મુખરજી દયાની અરજી ફગાવી દે તેવી શક્યતા દેખાઈ રહી છે.સુત્રોનુ કહેવુ છે કે કેસો પર ચકાસણી કરવામાં આવી ચુકી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા પણ પાંચ વધુ કેસોમાં દયાની અરજી ફગાવી



દેવા ભલામણ કરી હોવાનુ જાણવા મળ્યું છે. મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા તમામ અપરાધીઓના કેસોને હવે ઝડપથી હાથ ધરવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલય દ્વારા હવે પેન્ડિંગ દયાની અરજીનો નિકાલ લાવવાની પ્રક્રિયા ઝડપી બનાવાઈ છે. આ સાત મામલામાં નવ અપરાધી છે. તાજેતરમાં જ રાષ્ટ્રપતિ દ્વારા દયાની અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલાના અપરાધી અજમલ કસાબ અને સંસદ પર હુમલાના અપરાધી અફઝળ ગુરૂને ફાંસી આપી દેવામાં આવી હતી. છેલ્લે એક પખવાડિયામાં ગૃહ મંત્રાલયની ભલામણની સાથે જે દયાની અરજી રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવી છે તેમાં સુન્દરસિંહ , જફર અલી, પ્રવીણ કુમાર, ગુરમીત સિંહ, ધરમપાલ, સુરેશ અને રામજી, સોનિયા અને સંજીવ સામેલ છે. ઉત્તરપ્રદેશના જફર અલી પર પત્નિ અને પાંચ પુત્રીઓને હત્યાનો આરોપ છે. કર્ણાટકના પ્રવીણ કુમાર પર એક પરિવારના ચાર સભ્યોની હત્યા કરવાનો આરોપી છે. ઉત્તરપ્રદેશનો ગુરમીત સિંહ એક પરિવારના ૧૩ સભ્યોની હત્યામાં અપરાધી છે.હરિયાણાના ધરમપાલ પર બળાત્કારના મામલે જામીન પર રહેતા પાંચ લોકોની હત્યા કરવાનો આરોપ છે. સુરેશ અને રામજીએ ભાઈના પરિવારના પાંચ સભ્યોની હત્યા કરી હતી. હરિયાણાની સોનિયા અને સંજીવે સંબંધીઅને તેના પરિવારના સભ્યોની હત્યા કરી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તેમના ગાળામાં મૃત્યુદંડની સજા પામેલા આઠ લોકોની દયાની અરજીઓનો નિકાલ લાવ્યો છે. રાષ્ટપતિએ થોડાક દિવસ પહેલા ચંદનચોર વિરપ્પના સાગરીતોની દયાની અરજીને પણ ફગાવી દીધી હતી. જો કે પ્રણવે હાલમાં દિલ્હીની અતબીરની દયાની અરજીને સ્વીકારી હતી.

## સમાચાર ઝલક

- રાજયમાં સ્વાઇન ફલૂની બિમારી અંગે સાવચેત, મૃત્યુ આંક ૨૩ પહોચ્યો. સૌથી વધુ ફેલાવો રાજકોટમાં.
- વેલેન્ટાઇન-ડે ના દિવસે બેંગ્લોરમાં એક યુગલે સાથે હાર્ટ સર્જરી કરાવી.
- ભારતમાં હવાઇ પ્રદૂષણ પાંચમા સ્થાને છે.
- ઇન્ફેકશનના કારણે દર વર્ષે બે લાખ શિશુનાં મોત.
- અમેરિકન જકાતને કારણે જિંગા નિકાસકારોને મુશ્કેલી.
- હવે ગ્રાહક ઇચ્છે તે સમયે રાંધણગેસનો બાટલો મળશે.
- ડીસામાં બટેટાનો મલબખ પાક, આધુનિક ટેકનોલોજીનું પરિણામ.
- દેશની અર્થવ્યવસ્થા 30% હિસ્સો કાળા નાણાંનાં રૂપે : એક સર્વે.
- પર્યાવરણના મુદ્દે અદાણી સેઝના ૧૧ ઉત્પાદન યુનિટ બંધ કરવા હાઇકોર્ટનો હુકમ.
- બિહારના સમસ્તીપુરમાં આઠ બાળકોની માતા જમાઇ સાથે પરણી.
- તા.૧૭મી સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રહેશે, હળવા-ભારે વરસાદના ઝાપટા થશે.
- સિરીયામાં આંતરિક લડાઇમાં અનેક અવશેષોનો નાશ.
- કરાંચી-પાકિસ્તાનમાં ઠેકઠેકાણે તોફાનો. ગોળીબાર-હત્યા-વાહનોને આગ લગાડાઇ.
- મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સુરક્ષામાં ૧૦ વ્યસની કમાન્ડો સસ્પેન્ડ થયા.
- ગુજરાતમાં વંટોળીયો, મીની વાવાઝોડું, માવઠું મોસમમાં બદલાવ.
- મલ્ટીનેશનલ કંપનીઓમાં સૌથી વધુ ઓફિસમાં રોમાન્સ, કામને અસર પડી શકે છે.
- ચાઇનીઝ મોબાઇલથી ચેતતા રહેજો. જેતપુરમાં ચાઇનીઝ મોબાઇલમાં ધડાકો થતાં પિતા-પુત્રી ઘાયલ.
- હવે પુરૂષોત્તમ જાતિય સતામણીની ફરિયાદ કરી શકશે. આકરી સજાની જોગવાઇ.
- પેસિફિક મહાસાગરમાં બે વિનાશક જવાળામુખી સક્રિય બની ગયા.
- મહિલા સુરક્ષા સંદર્ભે મહેસાણામાં જાહેર સ્થળો પર ફરિયાદ પેટી મુકાશે.
- ગુજરાતમાં નવોદય વિદ્યાલયોના શિક્ષકો અચોક્કસ મુદ્દતની હડતાળ પર.
- મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે ગુજરાતમાં ખેલજગતના વિકાસ માટે ક્રિકેટર કપિલદેવની મુલાકાત.

## દિલ્હીમાં યુવાનોએ અલગ રીતે વેલેન્ટાઈન-ડે ઉજવ્યો

નવીદિલ્હી,તા. ૧૫

અલગ-અલગ શહેરોમાં યુવક-યુવતીઓ પ્રેમનાં પ્રતીક એવા વેલેન્ટાઈન-ડેની ઉજવણી કરી રહ્યા હતાં ત્યારે પાછલા દિવસોમાં શર્મશાર થયેલ રાજધાની દિલ્હીમાં યુવાનો અને બાળકો મોટી સંખ્યામાં ભેગા થઈને એક અભિયાન ચલાવી રહ્યા હતાં.

દિલ્હીની પાર્લામેન્ટ સ્ટ્રીટ પર હજારોની સંખ્યામાં માથે ગુલાબી રંગની પટ્ટી બાંધીને એકઠા થયેલાં યુવાનો અને યુવતીઓએ મહિલાઓ પર થઈ રહેલાં અત્યાચાર વિરુદ્ધ પોતાનાં અવાજને બુલંદ કર્યો હતો. દિલ્હીની પાર્લામેન્ટ સ્ટ્રીટ અનોખા વેલેન્ટાઈન-ડેની ઉજવણીથી ગુંજી ઉઠી હતી. ૧૪ ફેબ્રુઆરી એટલે કે વેલેન્ટાઈન-ડેના દિવસે દેશનાં યુવક-યુવતીઓએ મહિલાઓ પર થઈ રહેલાં અત્યાચાર વિરુદ્ધ પોતાનો અવાજ બુલંદ કરતાં તેમને હક અને ન્યાય મળે તે માટે રસ્તાઓ પર ઉતરી અભિયાન આદર્યુ હતું. આ યુવક-યુવતીઓને કહેવું હતું કે, તેમણે આ દિવસને એટલા માટે પસંદ કર્યો છે કે, આ દિવસ પ્રેમનાં પ્રતીકરૂપ છે અને પ્રેમમાં પરસ્પર સન્માન અને વિશ્વાસનું હોવું ખૂબજ જરૂરી છે.હાલનાં દિવસોમાં સમાજ વ્યવસ્થામાંથી મહિલાઓ પ્રત્યે સન્માન અને લાગણી તદ્દન ઘટી ગયાં છે, જેને ફરીથી સ્થાપિત કરવા માટે અમે અભિયાન ચલાવી રહ્યાં છીએ. આ દિવસનું મહત્વ ત્યારે જ સ્થપાશે જ્યારે સમાજમાં પુરુષો અને મહિલાઓને એક સમાન સન્માન મળશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ૧૬ ડિસેમ્બરમાં દિલ્હી ગેંગરેપ મામલાએ દિલ્હીને જ નહીં પરંતુ સમગ્ર દેશને હચમચાવી મૂક્યો હતો અને બાદમાં પણ દિલ્હી સહિત દેશનાં વિવિધ ભાગોમાં સતત બળાત્કાર અને છેડતીના બનાવો, મહિલા પર અત્યાચારનાં ગુના થતાં જ રહે છે. આ બાબતોને જોતાં યુવાનો દ્વારા પ્રેમનાં પ્રતીક સમાન વેલેન્ટાઈન-ડેનાં દિવસે વિશિષ્ટ રીતે થયેલી ઉજવણી ઘણું બધું કહી જાય છે.

## ખીણ ક્ષેત્રમાં સંચારબંધી બિલકુલ યોગ્ય : ઓમર

શ્રીનગર,તા. ૧૫

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ રાજ્યના ઘણા ભાગોમાં ફરી એકવાર સંચારબંધી લાદવાના નિર્ણયનો આજે બચાવ કર્યો હતો અને કહ્યુ હતુ કે જો કોઈ વ્યક્તિ હિંસા ફેલાવવા પ્રયાસ કરશે તો ચોક્કસ પણે નિયંત્રણો લાગુ કરવામાં આવશે.

જો કોઈ વ્યક્તિ સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ હિંસામાં ઉતરશે નહીં તો સંચારબંધી લાગુ કરવાની કોઈ પણ જરૂર નથી. ટ્વિટર પર ઓમર અબ્દુલ્લાએ આ મુજબની પ્રતિક્રિયા આપી છે. ગઈકાલે મોડી રાત્રે કાશ્મીર ખીણના જુદા જુદા ભાગોમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. સાવચેતીના પગલારૂપે આ નિર્ણય લેવાયો હતો. જેની સામે લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. નિંયત્રણો લાગુ કરવા પાછળ કેટલાક હેતુ રહેલા છે. સ્થાનિક મસ્જિદોમાં નમાઝ અદા કરવા માટે કોઈ નિયંત્રણ મુકાયા ન હતા.


## અમિતાભ બચ્ચન ત્રણ મહિના શુટીંગ માટે ભોપાલમાં રહેશે

નવીદિલ્હી,તા. ૧૫

બોલીવુડના મહાનાયક અને અભિનયના બેતાજ બાદશાહ અમિતાભબચ્ચન આગામી ત્રણ મહિના પોતાની સાસરીના શહેર ભોપાલમાં પસાર કરશે. ભોપાલમાં તેઓ ફિલ્મ નિર્માતા પ્રકાશ જાની નવી ફિલ્મ 'સત્યાગ્રહ'નું શુટીંગ કરી રહ્યા છે.

અમિતાભબચ્ચને પોતાના બ્લોગ પર લખ્યું છે 'હું પ્રકાશ ઝાની નવી ફિલ્મ સત્યાગ્રહનું શુટિંગ કરવા માટે ભોપાલમાં છું. મારી સાથે અહીં આ ફિલ્મમાં કામ કરતા અન્ય મહત્વપૂર્ણ અભિનેતા અને અભિનેત્રી જેમ કે અજયદેવગન, કરીનાકપુર, અર્જુન રામપાલ, મનોજ વાજપાઈ જેવા કલાકારો પણ ઉપસ્થિત છે. આ ફિલ્મનો વિષય અત્યંત મજબૂત, રસપ્રદ અને ઊંડાણભર્યો છે.'

૭૦ વર્ષિય અમિતાભ બચ્ચન માટે લાંબો સમય પછી પોતાનું ઘર છોડવાનું મુશ્કેલ રહ્યું હતું. આટલો લાંબો સમય પોતાના ઘરેથી દૂર રહેવા માટે



તેમના ચહેરા પર સ્પષ્ટપણે થકાવટ અને થોડું દુઃખ દેખાઈ રહ્યું હતું.

પરંતુ હવે તે સ્વસ્થ છે. અમિતાભ બચ્ચન અત્યંત પ્રોફેશન કલાકાર છે. ફિલ્મના તમામ પાસા સાથે તે મનથી સંકળાયેલા રહે છે. નાની નાની તમામ બાબતોની તેમને ઊંડું જ્ઞાન છે. પોતાની આ ફિલ્મનું શુટીંગ શરૂ થાય ત્યાંથી ફિલ્મમાંનું પોતાના હિસ્સાનું શુટિંગ સમાપ્ત થાય ત્યાં સુધી તેઓ ભોપાલમાં જ રહેશે.

અમિતાભબચ્ચન ગુરુવારે પોતાના પુત્ર અભિષેકબચ્ચન પુત્રવધુ એશ્વર્યારાય બચ્ચન અને પૌત્રી આરાધ્યા સાથે ભોપાલ પહોંચ્યા હતા. જો કે અમિતાભે ત્રણ મહિનાના લાંબા ગાળા સુધી ભોપાલમાં રહેવાનું હોવાથી કુટુંબના અન્ય ત્રણ સદસ્યો તે જ દિવસે મુંબઈ પાછા ફરી ગયા હતા.

તેમણે બ્લોગ પર લખ્યું છે કે હું અભિષેક, એશ્વર્યા અને આરાધ્યાને પણ મારી સાથે વિમાનમાં ભોપાલ લઈ આવ્યો હતો. જેથી તે બધા લોકો ભોપાલમાં રહેતી જયાની માતા અને અભિષેકની નાની અને તેમની નાની બહેનને અને પરિવારના અન્ય લોકોને મળી શકે.